# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/09 Dt. 17/06/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ગુજરાત પ્રવાસન ક્ષેત્રે રોકાણકારો માટે સુવર્ણ તક

### SGCCIના સેમિનારમાં ટુરિઝમ એક્સપર્ટ સનાતન પંચોલીએ આપ્યું વિશેષ માર્ગદર્શન

**ગુજરાતમાં દર વર્ષે 20 કરોડથી વધુ પ્રવાસીઓની નોંધપાત્ર મુલાકાત, ટુરિઝમ પોલિસી અંતર્ગત રોકાણકારોને મળશે મોટું સરકારી પ્રોત્સાહન**

**ગુજરાતના અપ્રચલિત પ્રવાસન સ્થળો અને હોમસ્ટે કલ્ચરને પ્રોમોટ કરીને સ્થાનિક રોજગારી વધારવા પર વિશેષ ભાર**

**સરકાર PPP મોડેલ હેઠળ ખાનગી રોકાણકારોને પ્રોત્સાહિત કરવા તૈયાર, પ્રોજેક્ટ કોમર્શિયલ વાયેબલ હોવો જરૂરી**

સુરત: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા સુરતના નાનપુરા સ્થિત 'સમૃદ્ધિ' ખાતે "ઇન્વેસ્ટમેન્ટ ઓપોર્ચ્યુનિટીઝ વિથ ગુજરાત ટુરિઝમ" (ગુજરાત પ્રવાસન સાથે રોકાણની તકો) વિષય પર એક અત્યંત માહિતીસભર અને જ્ઞાનવર્ધક સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ સત્રમાં પ્રવાસન ક્ષેત્રના દિગ્ગજ નિષ્ણાત અને ગુજરાત પ્રવાસન નિગમમાં આશરે 4 દાયકા સુધી સેવા આપનારા શ્રી સનાતન પંચોલીએ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહીને સુરતના ઉદ્યોગસાહસિકો અને ટ્રાવેલ પ્રોફેશનલ્સને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ઉલ્લેખનીય છે કે શ્રી પંચોલીએ પોતાના કાર્યકાળ દરમિયાન રાજ્યની હેરિટેજ ટુરિઝમ, ફિલ્મ ટુરિઝમ અને હોમસ્ટે જેવી મહત્વપૂર્ણ પ્રવાસન નીતિઓ ઘડવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે.

### વાર્ષિક 20 કરોડથી વધુ પ્રવાસીઓ સાથે ગુજરાત દેશમાં અગ્રેસર

શ્રી સનાતન પંચોલીએ ગુજરાત પ્રવાસનની વર્તમાન સ્થિતિનું પ્રભાવશાળી પ્રેઝન્ટેશન રજૂ કરતા જણાવ્યું હતું કે, "ગુજરાત આજે વાર્ષિક 20 કરોડથી વધુ પ્રવાસીઓની મુલાકાત સાથે દેશમાં સૌથી

ઝડપથી વિકસતું ટુરિઝમ ડેસ્ટિનેશન બન્યું છે. ગુજરાત પાસે ભારતનો સૌથી લાંબો દરિયા કિનારો, સમૃદ્ધ ઐતિહાસિક વારસો, ગિરિમાળાઓ, વન્યજીવ અભયારણ્યો, લાયન સફારી, ધાર્મિક સ્થળો, ઇકો-ટુરિઝમ અને વાઇબ્રન્ટ સાંસ્કૃતિક પરંપરાઓ જેવી અનન્ય સંપત્તિ છે." તેમણે ખેદ વ્યક્ત કર્યો હતો કે આટલી મોટી ક્ષમતા હોવા છતાં સ્થાનિક પ્રવાસન હિસ્સેદારો અને ટ્રાવેલ એજન્ટ્સ હજુ સુધી ગુજરાતના પ્રવાસન ઉદ્યોગનો પૂરેપૂરો લાભ ઉઠાવી શક્યા નથી.

## હિડન જેમ્સ અને હોમસ્ટે પર વિશેષ ભાર

સેમિનારમાં ગુજરાતના અપ્રચલિત અને અજાણ્યા પ્રવાસન સ્થળોને વિકસાવવા અને 'હોમસ્ટે' ની પ્રવૃત્તિને વેગ આપવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. શ્રી પંચોલીએ જણાવ્યું કે સ્થાનિક આંત્રેપ્રિન્યોર્સ નવરાત્રિ, રણ ઉત્સવ, તરણેતરનો મેળો અને ગણેશ સ્થાપના જેવા ભવ્ય ઉત્સવોને વ્યૂહાત્મક રીતે પેકેજ કરીને દેશ-વિદેશના પ્રવાસીઓને આકર્ષી શકે છે.

ગુજરાત ટુરિઝમ પોલિસી હેઠળ રોકાણકારોને મળનારા મુખ્ય લાભો: ખાનગી ક્ષેત્રની ભાગીદારી અને પ્રવાસન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારની ટુરિઝમ પોલિસી હેઠળ મળતા આકર્ષક લાભો અને પ્રોત્સાહનો વિશે રોકાણકારોને વિગતવાર માહિતગાર કરવામાં આવ્યા હતા, જેમાં મુખ્યત્વે:

- સ્ટેમ્પ ડ્યુટી રિઇમ્બર્સમેન્ટ / સંપૂર્ણ માફી
- ઇલેક્ટ્રિસિટી ડ્યુટી (વીજળી વેરો)માંથી મુક્તિ
- કેપિટલ (મૂડી) અને ઇન્ટરેસ્ટ (વ્યાજ) સબસિડીની સુવિધા
- GST લિંક્ડ પ્રોત્સાહનો અને રિઇમ્બર્સમેન્ટ
- ઇલેક્ટ્રિક વ્હીકલ (EV) આધારિત પ્રવાસન પરિવહન સેવાઓ માટે વિશેષ લાભો
- હોટેલ્સ, રિસોર્ટ્સ, વેલનેસ સેન્ટર્સ, એડવેન્ચર ટુરિઝમ અને હેરિટેજ પ્રોપર્ટી ડેવલપમેન્ટ માટે વિશેષ ઇન્સેન્ટિવ્સ
- રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રવાસન પ્રદર્શનો અને રોડ-શોમાં ભાગ લેવા માટે સરકારી સહાય

શ્રી પંચોલીએ ઉમેર્યું કે, ગુજરાત સરકાર પબ્લિક-પ્રાઇવેટ પાર્ટનરશિપ (પીપીપી) મોડેલ હેઠળ પ્રવાસન પ્રોજેક્ટ્સ વિકસાવવા માટે ખાનગી રોકાણકારોને સતત આવકારે છે અને નવા ઇનોવેટિવ આઇડિયા માટે ખૂબ જ સકારાત્મક અભિગમ ધરાવે છે. જોકે, રોકાણકારોએ સરકાર સમક્ષ સુઆયોજિત, પર્યાવરણને અનુકૂળ અને વ્યવસાયિક રીતે સક્ષમ પ્રોજેક્ટ્સ રજૂ કરવા પડશે. પ્રવાસનનો વિકાસ માત્ર સરકારની જવાબદારી નથી, પરંતુ તેમાં સાહસિકો, હોસ્પિટાલિટી પ્રોવાઇડર્સ અને સ્થાનિક સમુદાયોની સક્રિય ભાગીદારી અનિવાર્ય છે. યોગ્ય વિઝન સાથે કામ કરવામાં આવે તો ગુજરાત વિશ્વના અગ્રણી પ્રવાસન કેન્દ્રોમાં મોખરે આવી શકે છે.

સેમિનારની શરૂઆતમાં કમિટીના ચેરમેન શ્રી વિનેશ શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું. એવિએશન કમિટીના કો-ચેરમેન શ્રી કાંતિલાલ સોહાગિયાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી, જ્યારે કમિટી મેમ્બર શ્રી પૂરવ દેસાઈએ મુખ્ય વક્તાનો પરિચય આપ્યો હતો. સમગ્ર સેમિનારનું સફળ સંચાલન બેન્કિંગ કમિટીના કો-ચેરપર્સન સુશ્રી દુર્રિયા તાપિયા દ્વારા કરવામાં આવ્યું હતું અને અંતમાં કમિટી મેમ્બર શ્રી તૃપેશ વાઘાણીએ આભારવિધિ વ્યક્ત કરી હતી. સેમિનારના અંતે યોજાયેલા પ્રશ્નોત્તરી સેશનમાં શ્રી પંચોલીએ શ્રોતાઓના તમામ પ્રશ્નોના સચોટ જવાબો આપી પ્રાયોગિક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.